GJVD030001552004

| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૦૮/૦૪/૨૦૦૪. |
| રજીસ્ટર કર્યા તારીખ | :– ૦૮/૦૪/૨૦૦૪. |
| ફેંસલ તારીખ | :– ૩૦/૦૪/૨૦૨૬. |
| સમયગાળા | :– |

---

:: મહે. કરજણના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં :

---

ગુ. મુ. નં. : ૯૩૨/૨૦૦૪.
આંક :–

---

ફરીયાદી :– શ્રી સ ર કા ર.

<u>વિરૂધ્ધ.</u>

આરોપી :– ૧. રાજેશભાઈ નાનુભાઈ પટેલ,ઉ.વ. પુખ્ત.
રહે. કંથરીચા,પટેલ ફળીચુ,તા.કરજણ,
જિ.વડોદરા.

૨. અબ્દુલખાં મજીદખાં પઠાણ,ઉ.વ. પુખ્ત.
રહે. ટીંબા ફળીયા,શિનોર,તા.શિનોર,
જિ.વડોદરા.
તથા C/o અશરફભાઈના મકાનમાં,રહે.સુરેલી,
તા. ઉમરેઠ, જિ. ખેડા.

૩. મુસાભાઈ ઉર્ફે મહેન્દ્ર બગસ મનસુરી,ઉ.વ.પુખ્ત
રહે.કંથારીયા,નવી વસાહત,તા.કરજણ,
જિ.વડોદરા.

---

ગુનો :- ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૨૦,૧૧૪ મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે :- વિ.એ.પી.પી. :- શ્રી.જે. જી. મલેક.

આરોપી તરફે :- વિ. વ. શ્રી. :- એ. કે. પંડયા.

---

// ઠરાવ //

૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૧૦/૧૧/૨૦૦૩ થી તા.૧૬/૧૨/૨૦૦૩ ના રોજ કલાક ૧૭.૧૦ વાગ્યા સુધી મોજે કંથરીયા ગામે આરોપી નં.૧ ના ઘરે જણાવેલ તમામ આરોપીઓએ ફરીયાદીને રૂ.૩,૦૦,૦૦૦/-ના સીધા રૂપીયા :- ૪૩,૦૦,૦૦૦/- બનાવ આપવાની લાલચ આપી આરોપી નં.૨ ના ભગવા કપડા ધારણ કરી સાધુ મહરાજ બની દિવાધુપ જંતર મંતર કરી ત્રણેવ ભેગા મળીને ફરીયાદી પાસેથી રૂપીયા મેળવી લઈ પાછા નહી આપી છેતરપીંડી અને ચીટીંગ કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ,આ કામના ફરીયાદીએ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તપાસ કરતા આ કામના આરોપી વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨). આ કામના આરોપી જામીન મુકત હોય તેઓને સમન્સની ધોરણસર બજવણી કરવામાં આવતા તેઓ હાજર રહેલ છે અને તેઓને ક્રિમી. પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ મુજબ વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી.ત્યારબાદ આરોપીઓનો આંક : ૦૫ થી ૦૭ સુધી જવાબ

લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે ત્યારબાદ તેઓ સામે આ કામે આંક : ૦૮ થી તહોમતનામુ ફરમાવવામાં આવતા તેઓને તે વાંચી અને સંભળાવી સમજાવવામાં આવેલ છે અને ત્યારબાદ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩). આ કામે ફરીયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવો (સોગંધ ઉપર જુબાની)</u> :–

| ક્રમ | સાહેદનો પ્રકાર | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | પરંજભાઈ વિનુભાઈની જુબાની | ૪૦ |
| ૨. | પંચ સાહેદ | જગદીશભાઈ અંબાલાલની જુબાની | ૪૨ |
| ૩. | પંચ સાહેદ | કનુભાઈ ડાહ્યાભાઈની જુબાની | ૪૮ |
| ૪. | પંચ સાહેદ | અજયભાઈ શાંતીલાલની જુબાની | ૫૦ |
| ૫. | પંચ સાહેદ | વૈભવકુમાર શીશીરભાઈની જુબાની | ૫૧ |
| ૬. | ફરીયાદી | યોગેશભાઈ રાજેન્દ્રભાઈ પટેલની જુબાની | ૫૭ |
| ૭. | સાહેદ | હરીશભાઈ વિનુભાઈની જુબાની | ૫૯ |
| ૮. | સાહેદ | ગીરીશભાઈ મહીજીભાઈની જુબાની | ૬૦ |
| ૯. | સાહેદ | રહીમા હબીબભાઈની જુબાની | ૬૧ |
| ૧૦. | સાહેદ | કનુભાઈ પ્રવિણભાઈની જુબાની | ૬૨ |
| ૧૧. | પંચ સાહેદ | રસિકભાઈ મહજીભાઈની જુબાની | ૬૩ |
| ૧૨. | પંચ સાહેદ | દેવજીભાઈ મગનભાઈની જુબાની | ૬૪ |
| ૧૩. | પંચ સાહેદ | મુસ્તાકભાઈ ગજીભાઈની જુબાની | ૬૬ |
| ૧૪. | ફરીયાદી | દિપકુમાર ભાઈલાભાઈની જુબાની | ૭૧ |
| ૧૫. | સાહેદ | સુમનભાઈ લાલજીભાઈની જુબાની | ૮૨ |
| ૧૬. | સાહેદ | ભરતભાઈ માધાભાઈની જુબાની | ૯૮ |
| ૧૭. | સાહેદ | ભાઈલાલભાઈ મોહનભાઈની જુબાની | ૧૦૧ |
| | | | |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ (ગુનાવાળી જગ્યા) | ૪૧,૪૯ |
| ૨. | પંચનામુ | ૫૧,૫૨ |
| ૩. | પંચનામુ | ૬૫ |

| | | |
|---|---|---|
| ૪. | ફરીયાદીની ફરીયાદ | ૭૨ |
| ૫. | ડેપ્યુટ હુકમ | ૮૩ |
| ૬. | તપાસ સંભાળી લેવાની યાદી | ૮૪ |
| ૭. | પાસબુકની ખરી નકલ ટેન્ટેટી આંક | ૧૦૧ |

આ સિવાય ફરીયાદ પક્ષે વધુ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

૪). ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો વંચાણે લઈને ફોજદારી કાર્યવાહી ધારો,૧૯૭૩ ની કલમ:-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો જણાય આવતાં તેઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે ખોટો કેસ કરેલ છે અને ત્યારબાદ સરકાર પક્ષેથી વિ.એ.પી.પી.શ્રી.ની તથા આરોપી તરફે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી અને કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે.

૫). ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાને ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

## // મુદૃાઓ //

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૧૦/૧૧/૨૦૦૩ થી તા.૧૬/૧૨/૨૦૦૩ ના રોજ કલાક૧૭.૧૦ વાગ્યા સુધી મોજે કંથરીયા ગામે આરોપી નં.૧ ના ઘરે જણાવેલ તમામ આરોપીઓએ ફરીયાદીને રૂ.૩,૦૦,૦૦૦/-ના સીધા રૂપીયા :- ૪૩,૦૦,૦૦૦/- બનાવ આપવાની લાલચ આપી આરોપી નં.૨ ના ભગવા કપડા ધારણ કરી સાધુ મહરાજ બની દિવાધુપ જંતર મંતર કરી ત્રણેવ ભેગા મળીને ફરીયાદી પાસેથી રૂપીયા મેળવી લઈ પાછા નહી આપી છેતરપીંડી અને

ચીટીંગ કરી એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૨૦, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૬). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારમાં**

**૨. આખરી હુકમ મુજબ.**

૭). ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**//ન્યાય નિર્ણય માટેના કારણો //**

**:: મુદ્દા નં. :–૧ ::**

૮). ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબિત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

સદરહું કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવઓનુ મુલ્યાંકન કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે,ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાના મુલ્યાકંન શબ્દને પુરાવાના કાયદામાં વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુની સર્મપિત કોઈ નિયમ નથી,પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે કેસ ની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાં કનનો આધાર પુરાવાના કાયદાની કલમ : ૩ ના પ્રબંધોમાં કરવામાં આવેલ સાબિત અને ના સાબિત વ્યાખ્યા પર આધારીત છે.ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે.ફરીયાદપક્ષે પોતાની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહીમાં જે રીતે સભંવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી સંભવીતતા ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી.ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની હોતી નથી.પરંતુ આરોપી પર તહોમત વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરવાનુ છે.ફોજદારી કાર્યવાહીમાં

જો આરોપી અપવાદનો લાભ મેળવવા માંગતો હોય તો તેણે ભારતીય પુરાવા અધિનિયમની કલમઃ ૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે.આરોપીએ અપવાદ માહેની હકીકત શંકાથી પર રીતે સાબીત કરવાની હોતી નથી.સાબીત થયેલી હકીકત કોને કહેવાય ? તે જોવામાં આવે તો,અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો,તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આમ,ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો જોઈએ.

૯). હવે આ કામે આંક : ૪૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ પરંજભાઈ વિનુભાઈ તથા આંક : ૪૨ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ જગદીશભાઈ અંબાલાલનાઓને તપાસવામાં આવેલ છે તેઓ બંને પંચ સાહેદો તેમના પુરાવામાં ફરીયાદપક્ષે આંક : ૪૧ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય મજકુર પંચ સાહેદો પંચનામાની તેમની સહી સિવાયની કોઈપણ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલો ન હોય તેઓને વિ.એ.પી પી.શ્રી.ની વિનંતીથી ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.એ માંગેલ પરવાનગી અન્વયે તેઓને આપવામાં આવેલ પરવાનગી મુજબ મજકુર પંચ સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તે મુજબના સુચક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરીયાદપક્ષની ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબનો પુરાવો સોંગદ ઉપર આપેલ ન હોય અને તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ અને પોલીસે પુછપરછ કરી હોય અને લખાણ લખેલ હોય કે કોઈ કાર્યવાહી કરેલ હોય તેમ જણાય આવતુ

નથી.જેથી પંચ સાહેદોની જુબાનીમાંથી પંચનામાની કોઈ જ હકીકત પુરવાર થતી નથી.

**૧૦).** હવે આ કામે આંક : ૪૮ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ કનુ ભાઈ ડાહ્યાભાઈ તથા આંક : ૫૦ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ સંજય ભાઈ શાંતિલાલનાઓને તપાસવામાં આવેલ છે તેઓ બંને પંચ સાહેદો તેમના પુરાવામાં ફરીયાદપક્ષે આંક : ૪૯ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય મજકુર પંચ સાહેદો પંચનામાની તેમની સહી સિવાયની કોઈપણ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલો ન હોય તેઓને વિ.એ.પી.પી. શ્રી. ની વિનંતીથી ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. એ માંગેલ પરવાનગી અન્વયે તેઓને આપવામાં આવેલ પરવાનગી મુજબ મજકુર પંચ સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તે મુજબના સુચક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરીયાદપક્ષની ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબનો પુરાવો સોંગદ ઉપર આપેલ ન હોય અને તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ અને પોલીસ તેઓને કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય અને ત્યાં કોઈ રોકડ રકમ કબજે કરેલ હોય તેવુ બનેલ ન હોય મજકુર પંચ સાહેદોની જુબાનીમાંથી પંચનામાની કોઈ જ હકીકત પુરવાર થતી નથી.

**૧૧).** હવે આ કામે આંક : ૫૧ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ વૈભવકુમાર શીશીરભાઈ તથા આંક : ૬૩ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ રસીકભાઈ મહીજીભાઈ પટેલનાઓને તપાસવામાં આવેલ છે.તેઓ બંને પંચ સાહેદો આંક : ૫૨ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય મજકુર પંચ સાહેદો પંચનામાની તેમની સહી સિવાયની કોઈપણ હકીકતોને

સમર્થન આપતો પુરાવો આપેલો ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની વિનંતી થી ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.એ માંગેલ પરવાનગી અન્વયે તેઓને આપવામાં આવેલ પરવાનગી મુજબ મજકુર પંચ સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તે મુજબના સુચક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરીયાદપક્ષની ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબનો પુરાવો સોંગદ ઉપર આપેલ ન હોય અને તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ અને તેઓની હાજરીમાં કોઈ ઈસમને અટક કરેલ હોય તેમ જણાય આવતુ ન હોય પંચ સાહેદોની જુબાનીમાંથી પંચનામા ની કોઈ જ હકીકત પુરવાર થતી નથી.

**૧૨).** હવે આ કામે આંક : ૫૭ થી તપાસવામાં આવેલ સાહેદ યોગેશ ભાઈ રાજેન્દ્રભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે તેઓના પિતા આરોપી તરીકે રાજેન્દ્રભાઈ હાજર છે અને આરોપી મુસાભાઈને ઓળખે છે.જયારે ફરીયાદી દિપકભાઈને ઓળખતા નથી.ફરીયાદી તેઓના ઘરે આવેલા કે કેમ તેની ખબર નથી.તેઓના ઘરે સાધુ મહારાજ અને બીજા માણસો અને દિપકભાઈ આવેલા હોય અને તેમને દિપકભાઈને કોઈ પેટી ઓલ હોય તે અંગે કંઈ જાણતા નથી અને તેઓના પિતા પર દિપકભાઈએ ફરીયાદ કરેલી તેની જાણ થયેલી અને છેતરપીંડીની ફરીયાદ નોંધાયેલી આ સિવાય વિશેષ કંઈ જાણતો નથી તે મુજબના આપેલ પુરાવા અન્વયે મજકુર સાહેદની જુબાનીમાંથી ફરીયાદ હકીકતને મહત્વની બાબતે કોઈ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય વિ.એ.પી.પી. શ્રી.એ મજકુર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિ નિયમની કલમ :-૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ

જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટ તપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલતનો વિવેકાધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસમાં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એ.પી.પી.શ્રી.એ મજકુર સાહેદ ની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પણ તેમાંથી ફરીયાદ હકીકતને કોઈ જ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી. મજકુર સાહેદની આરોપીપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે માત્ર નામ સરનામુ પુછેલ.એ વાત ખરી છે કે પોલીસને નિવેદન લખાવેલ નહી.એ વાત ખરી છે કે બીજુ કંઈ જાણતા નથી તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓને પોલીસે માત્ર નામ સરનામુ પુછેલ અને તેઓએ કોઈ નિવેદન લખાવેલ હોય તેમ જણાય આવતુ નથી.

**૧૩).** હવે આ કામે આંક : ૫૯ થી સાહેદ હરીશભાઈ વિનુભાઈ,આંક : ૬૦ થી સાહેદ ગિરીશભાઈ મહજીભાઈ,આંક : ૬૧ થી સાહેદ રહીમા હબીબ ભાઈ,આંક : ૬૨ થી કનુભાઈ પ્રવિણભાઈનાઓને તપાસવામાં આવેલ છે. આ તમામ પંચ સાહેદો તેઓની જુબાનીમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન થાય તેવો કોઈ પુરાવો આપેલ ન હોય ફરીયાદ હકીકતને મહત્વની બાબતે કોઈ સમર્થન પ્રાપ્ત થતુ ન હોય વિ.એ.પી.પી.શ્રી.એ મજકુર સાહેદોને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે અદાલત ધ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ :- ૧૫૪ માં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લઈ જે પક્ષકાર સાહેદને બોલાવેલ હોય તેમની ઉલટ તપાસ કરવા માટે પરવાનગી આપવી તે અદાલતનો વિવેકા ધિકાર હોય સાહેદ ધ્વારા આપવામાં આવેલ પુરાવાની હકીકતને ધ્યાને રાખી

તેને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવાની પરવાનગી આપી તેને ઉલટ તપાસ માં પુછી શકાય અને તે મુજબના સૂચક પ્રશ્નો પુછવાની આપેલ પરવાનગી અન્વયે વિ.એ.પી.પી.શ્રી.એ મજકુર સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પણ તેમાંથી ફરીયાદ હકીકતને કોઈ જ રીતે અને પ્રકારે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી. મજકુર સાહેદોની આરોપીપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે તેઓના નામ અને સરનામા પુછેલ અને વિગતવાર કોઈ નિવેદન લખાવેલ નથી એ વાત ખરી છે કે આરોપીઓએ જાદુ મંતર કરી છેતર પીંડી કરેલ હોય તેની કોઈ જાત માહિતી નથી તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓ તમામે પોલીસને કોઈ નિવેદન લખાવેલ ન હોવાનુ અને આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનુ કોઈ ગુન્હાહિત કૃત્ય કરેલ હોય તેની કોઈ જાત માહિતી ન હોવાનુ જણાય આવે છે.

**૧૪).** હવે આ કામે આંક : ૬૪ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ દેવજીભાઈ મગનભાઈ તથા આંક : ૬૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ મુસ્તાકભાઈ ગનીભાઈ કુરેશીનાઓને તપાસવામાં આવેલ છે.તેઓ બંને પંચ સાહેદો આંક : ૬૫ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય મજકુર પંચ સાહેદો પંચનામાની તેમની સહી સિવાયની કોઈપણ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલો ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી.ની વિનંતી થી ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.એ માંગેલ પરવાનગી અન્વયે તેઓને આપવામાં આવેલ પરવાનગી મુજબ મજકુર પંચ સાહેદોને ઉલટતપાસમાં પુછી શકાય તે મુજબના સુચક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં તેઓએ ફરીયાદપક્ષની ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતુ હોય તે મુજબનો પુરાવો સોંગદ ઉપર

આપેલ ન હોય અને તેઓની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે લખેલા તૈયાર પંચનામામાં સહી લીધેલ.એ વાત ખરી છે કે પોલીસે તેઓની પુછપરછ કરી પંચનામુ લખેલ હોય કે તેઓએ લખાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ રોકડ રકમ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી તે મુજબના આપેલ પુરાવા અન્વયે મજકુર પંચ સાહેદોની જુબાની માંથી પંચનામાની કોઈ જ હકીકતો પુરવાર થતી હોય તેમ જણાય આવતુ નથી.

**૧૫).** હવે આ કામે આંક : ૭૧ થી તપાસવામાં આવેલ સાહેદ દિપક કુમાર ભાઈલાલભાઈ કે જેઓ ગુનામાં ભોગ બનનાર ઈસમ અને ફરીયાદી છે. તેઓ સોંગદ ઉપરના પુરાવામાં જણાવે છે કે બનાવ સમયે તેઓ ગુજરાતી ફીલ્મના ડાયરેકટર હતા.ફરીયાદ કર્યાના દોઢેક માસ અગાઉ પોર ગામે રહેતા મનુભાઈ વરસીંગભાઈને વાત કરેલ કે હું ડાયરેકશનનુ કામ કરુ છુ અને પૈસાની જરૂરીયાત છે જેથી મનુભાઈએ એવી વાત કરેલ કે કંથારીયા ગામના રાજુભાઈ એકના ડબલ કરવાનુ કામ કરે છે જેથી તમે સંપક કરો જેથી બીજા દિવસે રાજુ ભાઈના ઘરે ગયેલા અને કહેલ કે મનુભાઈના સંપર્કથી આવેલ છુ અને કહેલ કે એકના ડબલની વાત થયેલ છે.જેથી રાજુભાઈએ બેસાડી તેઓનુ નામ અને સરનામુ પુછેલ હતુ અને શું કામ કરો છો તેમ પુછતા તેઓએ તેમનુ કાર્ડ બતાવેલ અને તેઓએ જણાવેલ કે ચિંતા કરતા નહી તમારુ કામ પતી જશે અને કહેલ કે મારી પાસે એવા માણસો છે કે જે આવુ બધુ કામ કરે છે તેઓને પુછી જોઈશ અને તમને જણાવીશુ અને એવુ પુછેલ કે તમારી પાસે ૧૯૩૯ નો કોઈ સિકકો ઈન્દીરા ગાંધીની છાપવાળો,ઘુવડ પક્ષી છે કે કેમ તે પુછેલ તાંત્રીક વિધીમાં બધાની જરૂર પડશે જેથી તેઓએ કહેલ કે મારી પાસે આ બધુ નથી જેથી રાજુભાઈએ એવુ કહેલ કે તેઓ પાસે એક વ્યકિત છે જે આ બધુ રાખે છે

અને આશુરી શકિતથી જે પૈસા મળે તેમાં તેમનો ભાગ આપવો પડે જેથી તેઓ એ હા પાડેલ. ત્યારબાદ ત્રણ દિવસ બાદ રાજુભાઈનો ફોન આવેલ અને તેઓ એ જણાવેલ કે પેલા ભાઈનો કોન્ટેકટ થઈ ગયેલ છે તમે મળી જજો.જેથી તેઓ બીજા દિવસે મળવા ગયેલા તે સમયે તેમના ઘરે એક ભાઈ આવેલા અને તેઓ એ ઓળખાણ કરાવેલ હતી અને તે ભાઈ મુસો ઉર્ફે મહેન્દ્ર હતો અને તે સાધક ને ઓળખે છે અને જણાવેલ કે આ ગીર તળેટીના મહાન સાધક છે અને તેઓ તીર્થ દર્શન ફરવા ગયેલ છે અને તા. ૨૧/૧૧/૨૦૦૩ ના રોજ નારેશ્વર આવાના છે તે વખતે બોલાવીશ અને તમારુ કામ પતી જશે તમારે ગીરનાર નહી જવુ પડે.જેથી તેઓ ઘરે પરત રવાના થઈ ગયેલ અને થોડા દિવસ રાહ જોયેલી અને તેઓનો કોઈ જવાબ ન આવતા તા.૨૫/૧૧/૨૦૦૩ ના રોજ ફોન કરેલ અને જણાવેલ કે સાધક આવ્યા નથી આવશે તો જાણ કરીશ.

**૧૫.૧).** વધુમાં આ તા.૦૭/૧૨/૨૦૦૩ ના દિવસે રાજુભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે મળી જાવ જેથી તેઓ બપોરના સમયે મળવા ગયેલા અને ત્યાં રાજુભાઈ તથા અન્યો ઘરના સભ્યો હાજર હતા અને જણાવેલ કે મહારાજ સાથે વાત થઈ ગયેલ છે અને તા.૦૯/૧૨/૨૦૦૩ ના દિવસે તમે સાંજે આવજો અને તેઓ ત્યાં ગયેલા તે સમયે ત્યાં રાજુભાઈ,મુસાભાઈ તથા સાધુ મહારાજ સાધક હાજર હતા અને કહેલ કે આ સંત છે એ બે જણા પગે લાગી મને પગે લાગવાનુ કહેતા પગે લાગેલા જેથી સાધુ મહારાજે હિન્દી ભાષામાં પુછેલ કે કયા ચાહીયે જેથી તેઓએ કહેલ કે પૈસા ચાહીયે જેથી તેઓ એ જણાવેલ કે તુમ્હારા કામ હો જાયેગા મેરે નિતી નિયમ ઓર વિધી સે ચલના હોગા ચલના હોગા.હમારે ચારે લોગ સિવા કિસીકો બતાના નહી વરના બિગડ જાયેગા તેવા સોંગધ લેવડાવેલ અને સાધુ મહારજે કહેલ કે સાત હજારના એક લાખ બનાવી આપીએ છીએ જેથી કહેલ કે ચલો કામ કરકે દિખાયે અને એકસો વખત ઘરની નીચે બેસી જાપ કરાવેલા અને જંતર મંતર કરાવેલ અને ત્યારબાદ

ત્રણવે જણા ઉપરના રૂમમાં લઈ ગયેલા અને પતરાના ડબામાં રૂપીયા પાડીને બતાવેલા જેમાં પચાસ અને પાંચસોના દરની નોટો હતી અને તેઓ લાલચમાં આવી ગયેલા અને મારુ કામ પતી જશે તેવી લાલચમાં આવી ગયેલા અને તેમાં ચોસઠ લાખ રૂપીયા છે તેમાંથી તેતાલીસ લાખ તેમના ભાગના અને ચૌદ લાખ રાજુભાઈના ભાગે અને સાત લાખ રૂપીયા મહેન્દ્રભાઈના ભાગે કરેલા અને તેઓ ને જણાવેલ કે ત્રણ લાખ રૂપીયા લઈને આવજો જેથી તેઓના,તેઓના પિતા ના તથા બેન બનેવી સાથે ઉછીના લઈ ગાડી ભાડે કરી કંથારીયા ગામે ગયેલા તે સમયે તેઓ ત્રણેવ ત્યાં હાજર હતા અને જણાવેલ કે રૂપીયા લાવેલ છો તો હા પાડેલ જેમાં અલગ અલગ દરની નોટો હતીજે સાધુ મહારજે લઈ લીધેલ અને કહેલ કે બે દિવસ પછી એટલે કે તા.૧૬/૧૨/૨૦૦૩ ના રોજ સાંજે પાંચ અને દસ મિનીટે તાળુ ખોલજો તમારુ નસીબ ખોલી જશે અને પેટી ખોલતા તેમાંથી જીવતો નાગ મળી આવેલા અને ફેલ નિકળેલ ગભરાઈ ગયેલા અને જેથી તેઓનો કોન્ટેક કરી કંથારીયા મુકામે ગયેલ અને રાજુભાઈ અને મહેન્દ્રભાઈ ત્યાં હાજર હોય તેઓન વાત કરતા જણાવેલ કે આવુ ન થાય તમારી વિધીમાં ભુલ થઈ છે અને ભગાડી મુકેલ ત્યારબાદ અવારનવાર કોન્ટેક કરતાં આજદિન સુધી રૂપીયા આપેલ નહી અને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે અને ઉદાસ થઈ ગયેલ હોય જેથી કરજણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ તે આંક : ૭૨ થી રજુ છે અને ફરીયાદ આપ્યા પછી તેઓ પાસેથી રીકવર કરેલ અને રૂપીયા કઈ રીતે લાવેલ તે બાબતે પોલીસે જવાબ લીધેલ અને રીકવર કરેલ પૈસા કોર્ટ કાર્યવાહી કરી પરત મેળવેલા હોવાના આપેલ પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ દ્વારા પડકારવામાં આવતાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે રૂપીયા ત્રણ લાખની રકમમાં અમુક રકમ મારા પિતા તેમજ બેન બનેવી અને તેમની બચતની હતી અને ત્રણ લાખ પૈકી પંચાણુ હજાર બેંક ઓફ બરોડા ડભોઈ ખાતેથી પિતાના ખાતામાંથી

લીધેલ અને તેમજ દેના બેંક ડભોઈ શાખામાંથી અનુક્રમે સુડતાલીસ હજાર તથા બેતાલીસ હજાર ઉપાડેલા તેમજ છાસઠ હજાર શેરડીના પાકના તથા બાકીના બેન બનેવી પાસેથી લીધેલા તેમજ તેમના બેંક ખાતામાંથી પચાસ હજાર રૂપીયા લીધેલા. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે બેન બનેવીએ ચોકકસ કેટલી રકમ આપેલી તેની ખબર નથી કારણ કે વ્યવહાર તેમના પિતાએ કરેલ.એ વાત ખરી છે કે તેઓની ફરીયાદમાં કોને કેટલી રકમ આપેલી તે લખાવેલ નહી.એ વાત ખરી છે કે તેઓના ભાઈ પાસેથી કોઈ રકમ ઉછીની લીધેલ નથી.એ વાત ખરી છે કે તેઓના ભાઈએ મુદ્દામાલ રોકડ રકમ મેળવવા માટે અરજી કરેલી.એ વાત ખરી છે કે તેઓએ આરોપીઓને કયા ચલણ દરની નોટો આપેલ તે કહી શકુ નહી.એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં આરોપીઓએ મારી સાથે મિત્રતા કેળવેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે બનાવ ૨૦૦૩ માં બનેલો અને ફરીયાદ ૨૦૦૪ માં આપેલી.એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં કે સરતપાસમાં ફરીયાદ મોડી કરવા અંગે કોઈ ખૂલાસો કરેલ નથી.એ વાત ખરી છે કે હું ઈન્કમટેક્ષ ભરતો ન હતો તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓ પાસે કેટલા દરની ચલણી નોટો હતી અને તે આરોપીઓ ને કેટલી આપેલી તે ખબર ન હોવાનુ અને તેઓના બેન બનેવીએ તેઓને ચોકકસ કેટલી રકમ આપેલ તે ખબર ન હોવાનુ અને જે કંઈ વ્યવહાર કરેલ તે તેઓના પિતાએ કરેલ હોવાનુ અને તેઓની સમગ્ર ફરીયાદ હકીકત જોતાં કોને કેટલી રકમ આપેલી તેવી કોઈ હકીકત લખાવેલ ન હોવાનુ અને સદર રકમો તેઓએ આરોપીઓને આપેલ તે અંગે કોઈ પાસબુક કે સ્ટેટમેન્ટ રજુ કરેલ ન હોવાનુ અને તેઓએ આરોપીઓને કેટલા ચલણની નોટો આપેલી તે ખ્યાલ ન હોવાનુ અને આરોપીઓએ તેઓ સાથે મિત્રતા કેળવેલ હોય તેવી કોઈ જ વિગત લખાવેલ નથી.આમ, મજકુર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાનમાં લેવામાં

આવે તો તેઓ આ કામે ભોગ બનનાર સાહેદ હોવા છતાં તેઓની આંક : ૭૨ વાળી ફરીયાદ હકીકતને સમર્થન થાય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓ પોતાની સરતપાસ અને ઉલટતપાસ માં તેઓની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થયેલાનુ જણાવે છે પરંતુ આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ફરીયાદમાં જણાવ્યા મુજબ નુ ગુન્હાહિત કૃત્ય આચરેલ હોય તેમ જણાય આવતુ નથી અને વિરોધાભાસ હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે અને તેઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી થયેલ હોય તે અંગેના કોઈ દસ્તાવેજ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ ન હોય આ સાહેદ કે જેઓ ફરીયાદી છે તેઓનો પુરાવો ફરીયાદપક્ષના કેસને કોઈ રીતે અને પ્રકારે મદદરૂપ થતો હોય તેમ જણાય આવતુ નથી.

**૧૬).** હવે આ કામે આંક : ૮૨ થી તપાસવામાં આવેલ સાહેદ સુમન ભાઈ લાલજીભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે તા.૦૮/૦૧/૦૪ ના રોજ તેઓ કરજણ પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આવી ફરીયાદ આપતા તેઓના લખાવ્યા મુજબની લખી લીધેલ અને ફરીયાદ રજીસ્ટર કરવા પી.એસ.ઓ.કરજણને લેખિત રીપોર્ટ કરેલ જે આંક : ૮૩ થી રજુ છે.સદર ગુનો નોંધાઈને આગળની તપાસ તેઓ તરફ ડેપ્યુટ થતા તપાસ સંભાળી લીધેલી તે અંગેનો હુકમ આંક : ૮૪ થી રજુ છે.આ ગુનાની ફરીયાદ તેઓએ વંચાણે લીધેલી.ત્યારબાદ તેઓ ની તપાસ દરમ્યાન અન્ય આરોપી અબ્દુલભાઈનુ નામ ખુલતા તેમના નામનો ઉમેરો કરવા રીપોર્ટ કરેલ ત્યારબાદ બે પંચો રૂબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ અને આરોપીઓને અટક કરેલા અને તેમના રીમાન્ડ મેળવવાની કાર્ય વાહી કરેલી. રીમાન્ડ દરમ્યાનની તપાસમાં આરોપી રાજુભાઈ પાસે રૂપીયા એંશી હજાર તથા અબ્દુલભાઈ પાસેથી રૂ.૪૦,૦૦૦/– તથા મુસા ઉર્ફે મહેન્દ્ર પાસેથી રૂ.૩૦,૦૦૦/– વિગતવારના પંચનામા કરી રીકવર કરેલા તથા તેઓ

એ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા ત્યારબાદ તેઓની બદલી અમદાવાદ ખાતે થતાં આગળની તપાસ પી.એસ.આઈ.બી.એમ.પાટીદારે સંભાળેલી હોવાના આપેલ પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ દ્વારા પડકારવામાં આવતાં મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે આરોપી નં.૩ સાધુ બાવા બનેલ હોય તેવા કોઈ કપડા તપાસના કામે કબજે લીધેલ નથી.એ વાત ખરી છે કે તેઓની તપાસ દરમ્યાન પોર ગામના મનુભાઈનુ નિવેદન નોંધેલ નથી તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંન કરતાં તેમાંથી તેઓને આ ગુનાની તપાસ મળતા કાયદેસરની તપાસ કરી પંચનામા કરી ગુનામાં રીકવર થયેલ રૂપીયા કબજે કરેલ હોવાનુ અને તપાસ દરમ્યાન કોઈપણ આરોપીએ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ હોય અને આરોપી નં.૩ એ સાધુનો વેશ ધારણ કરેલ હોય કે તે બાબતેના કપડા મેળવેલ હોય કે પોર ગામના સાહેદના નિવેદન લઈ તપાસના કામે સામેલ રાખેલ હોય તેવુ કંઈ બનેલ નથી અને તપાસ દરમ્યાન તેઓની બદલી થતા આગળની તપાસ પી.એસ.આઈ.પાટીદારને સોંપેલ હોવાનુ જણાય આવે છે.આ સિવાય તપાસને લગતી કોઈ કાર્યવાહી કરેલ ન હોવાનુ જણાય આવે છે.

**૧૭).** હવે આ કામે આંક : ૯૮ થી તપાસવામાં આવેલ સાહેદ ભરતભાઈ માધાભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે બનાવ સમયે તેઓ કરજણ પોલીસ સ્ટે.માં પી.એસ.આઈ.તરીકે ફરજ બજાવતા હતા તે અરસામાં આ ગુનો નોંધાયેલ હતો તે ગુનાની તપાસ અગાઉના પી.એસ.આઈ. એસ.એલ.ભટ્ટ કરતા હતા તે દરમ્યાન તેમની બદલી અમદાવાદ મુકામે થતા આ ગુનાની તપાસ તેઓ તરફ થતાં તેઓએ તપાસ સંભાળી લીધેલ અને ગુનામાં થયેલ અગાઉની તપાસના કાગળો વંચાણે લીધેલા અને તપાસ દરમ્યાન તેઓએ આ કામના સાહેદ મનુભાઈ વીરસીંગભનુ નિવેદન લીધેલ અને ગુનાની તપાસ પુરી

ગયાનુ કાગળો જોતાં આરોપી વિરૂઘ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાના પુરાવાને આરોપી પક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામાં આવતાં મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે ફરીયાદીના આક્ષેપ મુજબ પેટીમાં સાપ હતા.એ વાત ખરી છે કે હાલના કામે મુદ્દામાલ સાપ કબજે કરેલ નથી તે મુજબનો કરેલ સ્વીકાર ઘ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓને ગુન્હાની તપાસ કરવાની પ્રાપ્ત થયેલ યાદી અન્વયે ફરીયાદવાળા ગુન્હાની તપાસ હાથ ધરેલ હોવાનુ અને તપાસ અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતા પુરાવા મળી આવતાં ચાર્જશીટ ફાઈલ કરેલ હોવાનુ જણાય આવે છે પરંતુ તેવી રીતે ફાઈલ કરવામાં આવેલ ચાર્જશીટમાંથી કે આ કામે તપાસવામાં આવેલ ફરીયાદના પુરાવામાંથી ફરીયાદ હકીકતને કોઈ જ સમર્થનકારક પુરાવો આપેલ ન હોય મજકુર ગુન્હાની તપાસ કરનાર અમલદારે નિવેદનોની ભુલ પુરવાર કરવા સંબંધી પુરાવો આપેલ છે ફરીયાદીની ઉલટ તપાસ દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ ન હોય ગુન્હાની તપાસ કરનાર અમલદારે તે સંદર્ભે આપેલ પુરાવાનુ કોઈ જ પુરાવાકીય મુલ્ય રહેતુ નથી તેમ આ અદાલતનુ સ્પષ્ટપણે માનવુ છે. તેઓ એ ફરીયાદવાળા ગુન્હાના કામે જે સાક્ષી પુરાવાના આધારે આરોપીઓ વિરૂઘ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ છે તે સાક્ષી અને પુરાવાઓ થકી આરોપીઓ વિરૂઘ્ધનુ કોઈ જ અનુમાન કરી શકાય તેમ જણાય આવતુ નથી.

**૧૮).** હવે આ કામે આંક : ૧૦૧ થી તપાસવામાં આવેલ સાહેદ ભાઈલાલભાઈ મોહનભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે બનાવ સમયે તેમનો છોકરો દિપકભાઈ ફીલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કોન્ટ્રાકટ પર કામ કરતો હતો અને તેઓ એ જણાવેલ કે કંથારીયા ગામે રહેતા રાજેન્દ્રભાઈ અને બીજા બે જણા એમ કુલ ત્રણ જણાએ રૂપીયા ત્રણ લાખના તેતાલીસ લાખ બનાવી જંતર મંતર કરી બનાવી આપે છે તે વાત કરેલી અને દિપક સાથે કંથારીયા ગામે ગયેલ અને

એ ત્રણવે જણાએ પેટીમાંથી રૂપીયા પાડી બતાવેલ અને તેઓને જણાવેલ કે રૂપીયા ત્રણ લાખ લઈ આવો તો તેતાલીસ લાખ કરી આપીશું પછી પેટીને તાળુ મારી ચાવી આપેલ અને તેઓની વાતમાં આવી ગયેલા અને આ નાંણા જતંર મંતર કરી તમને આપેલા છે તે વખતે તેઓ જી.ઈ.બી.માં નોકરી કરતા હતા અને રીટાર્યડ થઈ ગયેલ હતા જેથી દેના બેંકના ખાતા નં.૩૩૭૨ માં થી તા.૧૦/૧૨/૦૩ ના રોજ રૂ.૪૭,૦૦૦/–ત્યારબાદ તા.૧૩/૧૨/૦૩ ના રોજ રૂ.૪૨,૦૦૦/–મળી કુલ્લે રૂ.૮૯,૦૦૦/– દેના બેંકમાંથી ઉપાડયા અને તે બેંકની પાસબુક પોલીસને આપેલી જેમાં ઉપાડેલ પૈસાની એન્ટ્રી પડેલ છે.તે ટેન્ટેવી આંક : ૧૦૨ થી રજુ છે.તથા બેંક ઓફ બરોડા ડભોઈ શાખામાંથી તેમના ખાતા નં.૨૯૨૦૧ માંથી તા.૧૩/૧૨/૦૩ ના રોજ રૂ.૫૦,૦૦૦/– ઉપાડેલા અને તા.૧૭/૧૨/૦૩ ના રોજ રૂ.૪૫,૦૦૦/– ઉપાડેલા અને તે બેંકની પાસબુક પોલીસને આપેલી જે આંક : ૧૦૩ થી રજુ છે અને બીજા રોકડા રૂ.૬૬,૦૦૦/– દિપકને આપેલા.અને તેનુ બેંક ઓફ બરોડા માંડવી શાખામાંથી જુદા જુદા તબકકામાં રૂ.૧૯,૫૦૦/– તે રૂપીયા તારીખ :– ૦૩/૧૨/૨૦૦૩,૦૮/૧૨/૨૦૦૩ તથા ૧૧/૧૨/૨૦૦૩ ના રોજ રૂપીયા ૧૯,૫૦૦/– .પાડેલા અને તેની બેંક ઓફ બરોડાની પાસબુક તપાસના કામે આંક : ૧૦૪ થી રજુ કરેલ અને અઢી લાખ તેમના પોતા અને પચ્ચાસ હજાર દિપકના ખાતના મળી ત્રણ લાખ રાજેન્દ્રભાઈને કંથારીયા આપેલ અને મુસાભાઈ અને ત્રીજા મહારાજને આપેલ અને દિપકને તેતાલીસ લાખ બનાવી આપવાની લાલચ આપેલી અને બનાવી આપ્યા નહી અને તેઓ ના છોકરા સાથે છેતરપીંડી કરેલ અને તેમના છોકરો ફરીયાદ આપેલ તે બાબતે પોલીસે જવાબ લીધેલ હોવાના પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામાં આવતાં મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે દિપકભાઈ જાતે એકના ડબલ કરવા ગયેલા.તેઓ ૨૦૦૨ માં રીટાયર્ડ

થયેલા તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે એ વાતની ખબર નથી કે આરોપીઓ પોતે દિપકભાઈ પાસે એકના ડબલ કરવા માટે આવેલા કે કેમ.એ વાત ખરી નથી કે તાંત્રીક વિધી થઈ તે વખતે તેઓ હાજર ન હતા અને તે વિધી કેટલા સ્થળે થયેલ અને કઈ જગ્યાએ થયેલ તે ખબર ન હોવાનુ જણાવે છે.એ વાત ખરી નથી કે વિધીમાં કોણ હાજર હતુ તે કહી શકે નહી તે મુજબના આપેલ પુરાવા અન્વયે તેમાંથી તેઓને આ બનાવની કોઈ જાત માહિતી ન હોવાનુ અને તેમનો દિકરો દિપકભાઈ જાતે આરોપીઓ પાસે એકના ડબલ કરાવા ગયેલ હોય તે ખબર ન હોવાનુ અને તેઓનો છોકરો શેર બજારમાં રૂપીયા હારી ગયેલ અને તે વાત તેઓએ એટલે કે તેમના છોકરાએ જુઠુ બોલેલ હોવાનુ જણાય આવે છે.

**૧૯).** આમ,ફરીયાદ પક્ષે જે કંઈ હકીકત અને પુરાવાઓ રજુ થયેલ છે તે વંચાણે લેતા આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી,સહેદો તથા પંચ સાહેદોના પુરાવાથી ફરીયાદ હકીકતને નિ:શંકપણે સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમ જણાય આવતુ નથી અને જે કંઈ પુરાવા રેકર્ડ પર આવેલ છે તે પુરાવાથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઈ હકીકત જણાતી નથી.વધુમાં આ કામે રેકર્ડ જોતા બનાવ તા.૧૦/૧૧/૨૦૦૩ થી તા.૧૬/૧૨/૨૦૦૩ ના કલાક ૧૩.૧૦ દરમ્યાન બનેલ હોવાનુ જણાય આવે છે જયારે આ ગુનાની ફરીયાદ તા. ૦૮/૦૧/૨૦૦૪ ના રોજ કલાક ૧૨.૧૫ વાગે નોંધવામાં આવેલ હોવાનુ જણાય આવે છે.વધુમાં ફરીયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો આ કામે એવો કોઈ દસ્તાવેજી આધાર રજુ થયેલ નથી કે જેના વડે આરોપીઆને વિરૂઘ્ધનુ અનુમાન કરી શકાય અને આરોપીઓ આ ગુના સાથે સંકળાયેલા હોય તેમ જણાય આવતુ નથી અને ફરીયાદપક્ષે રજુ થયેલ સંપૂર્ણ કેસનુ બારીકાઈથી મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી માં ફરીયાદી તથા સાહેદ સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત કે છેતરપીંડી કરેલ હોય

તેમ જણાય આવતુ નથી.વધુમાં અદાલત દ્વારા રેકર્ડ પર આવેલ હકીકત જોવામાં આવે તો ગુનાની ફરીયાદ ફરીયાદી દ્વારા મોડી કરવામાં આવેલ હતી તે અંગેનો કોઈ જ ખૂલાસો રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે :–

The aforesaid facts show that not only the FIR was inordinately belated but, that the informant has a scant regard for truth.In the decision Marudaanal Augusti, v. State of Kerala, the Apex Court has held thus (Para 1) -

"The entire fabric of the prosecution case would collapse if the FIR is held to be fabricated or brought into existence long after the occurence and any number of witnesses could be added without there being anything to check the authenticity of their evidence."

In this connection, it is necessary to also refer to a case Thulia Kali v. State of Tamil Nadu, wherein, the Apex Court has observed thus :-

"First information report in a criminal case is an extremely vital and valuable piece of evidence for the purpose of coroborating the oral evidence adduced at the trial. The importance of the above report can hardly be overestimated from the stand point of accused. The object of insisting upon prompt lodging of report to the police in respect of commission of offence is to obtain early information regarding the circumstance in which crime was committed, the names of the actual culprits and the part played by them as well as the names of eye witnesses present at the scene of occurrence. Delay in lodging the first information report quite often results in embellishment which is a creature of afterthought. On account of delay, the report not only gets bereft of the advantage of spontaneity and danger creeps in of the introduction of coloured version exaggerated account or concocted story as a result of deliberation and consultation. It is therefore essential that the delay in the lodging of the first

information report should be satisfactorily explained."

In the instant case, no plausible explanation has been forthcoming from the side of prosecution for the inordinate delay in the lodging of FIR.

That being so, submission of the counsel for appellant that delay in lodging of FIR was on account of the fact that false insinuations and accusation were being planned against the appellant and acquitted accused Omprakash Agarwal by the informant and his family members cannot be said to be without substance.

આમ,નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર એપેક્ષ કોર્ટ ધ્વારા જે ચૂકાદાઓ આપવામાં આવેલ જે ચુકાદાઓમાં જે સિઘ્ધાંતો સ્થાપિત કરવામાં આવેલ છે તે સિઘ્ધાંત હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ છે અને આ કામે ફરીયાદપક્ષે સદર ગુનાની ફરીયાદ મોડી દાખલ કરવા અંગે કોઈ ખૂલાસો કરેલ નથી અને આરોપીઓએ ફરીયાદીસાથે છેતરપીંડી,વિશ્વાસઘાત કરેલ હોય તે પુરવાર કરી શકેલ નથી.

૨૦). વધુમાં**ઇ.પી.કો.કલમ–૪૨૦ મુજબ ઠગાઈ અથવા અપ્રમાણીક પણે મિલકત સોપવા લાલચ આપવી તેની વ્યાખ્યા**

કોઈપણ વ્યકિત,ઠગાઈ કરે તથા તેમ કરીને કોઈને મિલકત આપી દેવા અથવા કોઈ કિમતી જામીનગીરી અથવા સહી કે સીક્કો કરેલી તથા કીમતી જામીનગીરીમાં પરીવર્તીત કરી શકાય તેવી કોઈ વસ્તુ સંપુર્ણપણે અથવા આંશીક રીતે કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણીકપણે લલચાવે તેને સાત વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે

અથવા દંડને પાત્ર પણ થશે.

આમ, ઉપરોક્ત કલમના હેતુ અને હાર્દ ધ્યાને લેતા આરોપીએ ફરિયાદી તથા ફરિયાદપક્ષના સાહેદો સાથે ઠગાઈ કરી આરોપીએ તેવુ કૃત્ય અપ્રમાણીકપણે ફરિયાદી તથા સાહેદોને છેતરીને લલચાવી કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ કિંમતી જામીનગીરીમાં સહી સીક્કો કરી લે તથા કિંમતી જામીનગીરીમાં પરીવર્તીત કરી શકાય તેવી કોઈ વસ્તુ અથવા આંશીક રીતે કરી આપવા, તેમાં ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણીકપણે લલચાવે તેવા ઉપરોક્ત કલમના હેતુ અને હાર્દ મુજબ તે કલમમાં શબ્દો વાપરવામાં આવેલ છે. તે શબ્દમાં મિલકત શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, અને તે મિલકત શબ્દ એટલે વિશાળ અર્થમાં લેવાનો હોય છે અને એવી મિલકત એટલે કે મિલકત જેની માલીકી, કબજો અને સ્વામીત્વ ધરાવી શકાય જે મિલકત મુર્ત સ્વરૂપની હોય જેનુ અસ્તીત્વ ઈન્દ્રીય ગ્રાહ્ય હોય આ મિલકત શબ્દમાં સ્થાવર તથા જંગમ બંન્ને મિલકતનો સમાવેશ થાય છે. માત્ર એવી મિલકત કે જેનો કબજો કે માલીકી હક્ક અધિકાર હોય તેવી તમામ મિલકતો બાબતે ઠગાઈનો ગુનો બની શકે છે. વધુમાં આ કલમમાં જે કિંમતી જામીનગીરીના શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેવો ઉલ્લેખ કરવામાં આવે તો કિંમતી જામીનગીરીના શબ્દની વ્યાખ્યા **કલમ–૩૦ માં કરવામાં આવેલ છે તે વ્યાખ્યા મુજબ " એક દસ્તાવેજ જેનાથી કોઈ કાનુની હક્ક ઉત્તપન્ન થતો હોય, વિસ્તરણ થયેલ હોય, તબદીલ થતો હોય, મર્યાદીત થતો હોય, નષ્ટ થતો હોય કે ખુલતો હોય અથવા જેનાથી કોઈ વ્યકિત પોતાની કાયદેસરની જવાબદારી હોવાનુ એક ચોક્કસ કાનુની અધિકાર પોતાને નથી તેવુ સ્વિકારતી હોય, તેવા દસ્તાવેજનો અથવા દસ્તાવેજ હોવાનુ ખુલતુ હોય તે દસ્તાવેજનો નિર્દેશ કરે છે. આમ, કિંમતી જામીનગીરીની વ્યાખ્યા ઉપરોક્ત કલમ–૩૦ માં કરવામાં આવેલ છે** તે મુજબ કોઈ દસ્તાવેજથી કોઈને કાનુની

હક્ક ઉત્પન્ન થયેલ હોય તે શબ્દ વ્યાખ્યા મુજબ હાલના કેસમાં જોવામાં આવે તો કોઈ કિંમતી જામીનગીરીના દસ્તાવેજો અંગેની કોઈ પુરાવો ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ નથી.

૨૧). વધુમાં, ઇ.પી.કો.કલમ–૪૨૦ માં ગુના અંગે વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવેલ છે તેમાં કિંમતી જામીનગીરી તેમજ લલચાવવાનો શબ્દ વાપરવામાં આવેલ છે જે શબ્દ સાથે અપ્રમાણીકપણે શબ્દ સબંધીત છે. અપ્રમાણીકપણે શબ્દમાં સદોષ લાભ અને સદોષ હાની આવી જાય છે. તે સદોષ લાભ અથવા સદોષ હાની આ કલમમાં દર્શાવેલી મિલકત અથવા કિંમતી જામીનગીરી અંગે હોય કે જેની માલીક અથવા કબજેદાર વ્યકિત આરોપીના કૃત્યથી ઠગાઈનો ભોગ બનવા પામે સમગ્રપણે જોતા છેતરવુ, ઠગાઇ, અપ્રમાણીકપણે, કપટ, સ્વાંગ રચવો, ગેરરજુઆત કરવી, હકીકત છુપાવવી, સદોષ લાભ, સદોષ હાની વિગેરે તમામ પૈકી કોઈ અથવા તે તમામ તત્વો આ કલમના ગુનામાં સમાવેશ કરી લેવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત કલમના હેતુ અને હાર્દ મુજબ હાલના કેસમાં અગાઉ કરવામાં આવેલ ચર્ચા મુજબ આ કામના આરોપીએ ફરિયાદી તથા ફરિયાદ પક્ષના સાહેદોને મકાન, દાગીના, નોકરી કે ગાડીઓ અપાવવા માટે રોકડ રકમ લઈ ફરિયાદી તથા સાહેદોને મકાન, દાગીના, નોકરી કે ગાડીઓ નહી આપી પોતાને સદોષ લાભ થાય અને ફરિયાદી તથા સાહેદોને સદોષ હાની પહોચાડવાના એકમાત્ર ઈરાદાસર પોતાનો સદોષ લાભ લેવાના એક માત્ર ઈરાદા સર, અપ્રમાણીકપણે, કપટપુર્વક ફરિયાદી તથા સાહેદોને છેતરવા માટે લાલચ, પ્રલોભન આપેલ હોય તેવુ રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી. જેથી આ કામના આરોપીના કૃત્ય પરથી ફલીત થાય છે કે, તેઓએ કપટપુર્વકના ઈરાદાસર તેમજ અપ્રમાણીકપણે ફરિયાદી તથા સાહેદોને નુકશાન કરવાના હેતુસર ફરિયાદી તથા સાહેદોની પાસેથી રોકડ

રકમ લીધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**૨૨).** વધુમાં,આ કામે આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ફરીયાદી ને એક ડબલ કરવાની લાલચ આપેલ હોય કે આરોપી નં.૩ નાએ સાધુ વેશના કપડા ધારણ કરેલ હોય અને દિવા,ધુપ અને જંતર મંતર કરેલ હોય અને ફરીયાદી પાસેથી રૂપીયા મેળવેલ હોય અને તે રકમ પાછી આપેલ ન હોય અને ગુનો આચરેલ હોય તેમ રજુ થયેલ પુરાવાથી જણાય આવતુ નથી.વધુમાં આ કામે આરોપીઓ સામે ફરીયાદી ધ્વારા જે ફરીયાદ કરવામાં આવેલ તે બાબતે ગુનાના તપાસ કરનાર અધિકારીને સંવેદનશીલ બની તેમની તપાસ દરમ્યાન સચોટ પુરાવો એકત્રીત કરી માત્ર શંકાના આધારે નહી કે ફરીયાદી કે સાહેદના કહેવા આધારે નહી પણ તેમની નિષ્પક્ષ તપાસના આધારે તેવા ગંભીર પ્રકારના ગુનો આચરનાર આરોપીને અટક કરી ન્યાયીક અદાલત સમક્ષ હાજર કરવાનો હોય છે જેથી ભવિષ્યમાં કોઈપણ વ્યકિત ગુન્હાહિત વિશ્વાસઘધાત કે કોઈ પણ છેતરપીંડી કરેલ નહી કે આરોપીઓએ એકના ડબલ કરવાની લાલચ આપેલ હોય તેવો કોઈ જ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. ફરીયાદપક્ષનો કેસ દસ્તાવેજી પુરાવા પર આધાર રહેલ છે અને તે દસ્તાવેજી પુરાવાનો જે ગુનો આર્થિક પ્રકારનો ગુનો જે ગંભીર ગુના ઓ ગણાતા હોય તેમાં સામાન્ય પ્રકારની તપાસની જગ્યાએ તેઓ એ આવતપૂર્વક તપાસ કરવાની હોય છે કેમ કે ભારતીય પુરાવા અધિ નિયમની જોગવાઈ મુજબ દસ્તાવેજી પુરાવાનુ ઉત્કૃષ્ટ પુરાવો ગણવામાં આવેલ છે તેની એક લાક્ષણીકતા છે એક સુત્ર મુજબ "Vox emissa volate, Litera Scripta Manet" એટલે કે,"The Spoken word flies away" the written

one remaons" એટલે કે બોલેલા શબ્દો ભુલાઈ જાય છે કાળ ક્રમે મહત્વ ગુમાવી દે છે જયારે લખેલા શબ્દો કાયમી રહે છે. મૌખિક પુરાવો આપતા સાહેદની નબળી યાદશક્તિ,ઓછી બુધ્ધી મત્તા,નિરીક્ષણ શકિતનો અભાવ અથવા જાણીને કરવામાં આવતી ગેરરજુઆત ભાગ ભજવે છે જયારે દસ્તાવેજી પુરાવામાં લખેલા શબ્દો વાંચવાના હોય છે,વ્યકિત તેમાં કોઈ ભાગ ભજવી શકિત નથી.દસ્તાવેજ અને સંજોગો બોલતા નથી,માનવી હસ્ત ક્ષેપનો અવકાશ રહેતો નથી તે રીતે આ કામે ઉપરોકત જે કંઈ મૌખિક અને દસ્તાવેજી આધારો રજુ થયેલા છે તેને ફરીયાદી કે સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી અને ઘણી જ વિસંગતતા ઓ જણાય આવે છે.આ કામે ગુનાની તપાસ કરનાર અમલદારએ તેઓની ફરજના ભાગરૂપે અને ડેપ્યુટ હુકમ આધારે ગુનાની તપાસ કરેલ હોવાનુ જણાય આવે છે.જેથી રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવાઓ વંચાણે લેતા આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનુ ગુન્હાહિત કૃત્ય આચરેલ હોય તેમ જણાય આવતુ નથી.

૨૩). આ તબકકે,ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં જણાવેલ રીતે પુરાવો શબ્દની વ્યાખ્યાને અનુલક્ષી ''સાબિત થયેલી'' હકીકતો જોતા પોતાની સમક્ષ રજૂ થયેલી બાબતોની વિચારણા બાબતે કોર્ટ કોઈ હકીકતનું અસ્તિત્વ છે તેમ માને કે સમજદાર વ્યકિતઅમુક સંજોગોમાં હકીકત અસ્તિત્વમાં છે તેવું માને તો તે જ હકીકત સાબિત થયેલી ગણાય તથા ફોજદારી ન્યાયિક ઈન્સાફી કાર્યવાહીમાં સાબિતીનો ભાર ઉપરોકત જણાવેલ રીતે ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે નિ:શંકપણે આરોપી સામેનો કેસ સાબિત કરવો પડે અને જો ફરીયાદપક્ષના પુરાવામાં સહેજ પણ

શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપીને મળે અને આરોપી તેનો બચાવ સાબિત કરવા માંગતો હોય તો તેણે વ્યાજબી શકયતાના સિધ્ધાંત મુજબ તે હકીકત સાબિત કરી શકે.

**૨૪).** આમ,ઉપરોકત સિધ્ધાંતો લક્ષમાં લેતા,હાલના કામમાં ફરીયાદ પક્ષનો સંપૂર્ણ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ખુદ ગુના નો ભોગ બનનાર ઈસમ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકત મહત્વની બાબતે કોઈ જ સમર્થન આપેલ નથી અને ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે ત્યારે ફરીયાદ પક્ષ આરોપીઓ ઉપર ફરીયાદ મુજબ આક્ષેપાયેલ ગુનો નિ:શંક પણે પુરવાર કરી શકેલ ના હોય આરોપીઓને આ ગુના માટે કસુરવાન ઠરાવી શકાય તેમ ના હોય પુરાવાના અભાવે મુદ્દા નં. ૧ નો જવાબ'' **નકારમાં** '' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

**૧).** આ કામના આરોપી નં.૧ રાજુભાઈ નાનુભાઈ પટેલ,રહે. પટેલ ફળીયુ,કંથારીયા,તા.કરજણ,જિ.વડોદરા, આરોપી નં.૨ અબ્દુખાં મજીદખાં પઠાપ,રહે.ટીંબા ફળીયા,શિનોર,તા.શિનોર,જિ.વડોદરા તથા આરોપી નં.૩ મુસાભાઈ ઉર્ફે મહેન્દ્ર બગસ મનસુરી,રહે.કંથારીયા,નવી વસાહત,તા.કરજણ જિ.વડોદરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ : ૪૨૦,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨).** સદર કામે અગાઉ કરવામાં આવેલ મુદ્દામાલ નાંણા અંગેનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩). આ કામના દરેક આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ : ૪૩૭ (એ) મુજબ રૂ.૫૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ :- ૩૦ મી, માહે : એપ્રિલ,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળવી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તારીખ : ૩૦/૦૪/૨૦૨૬.**<br>**સ્થળ : કરજણ** | **(પ્રદીપકુમાર વસંતલાલ ધીમર)**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**કરજણ.**<br>**CODE NO. GJ** 01488. |

* વિપુલ શાહ *